# જ્ઞાનગંગા

## યુનિવર્સિટી ન્યૂઝ

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

વર્ષ-૧૦ અંક-૨૯ (આંતરિક વિતરણ) ૧૬ જુલાઈ, ૨૦૧૬









abasaheb Ambedkar Open University













## પ્રથમ પદવીદાન સમારોહ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત એકમાત્ર ઓપન યુનિવર્સિટી છે, જે સમગ્ર ગુજરાતમાં દૂરવર્તી પ્રણાલીથી ઉચ્ચશિક્ષણની સુવિધા પ્રાપ્ત પાડે છે. કોઈ સંસ્થામાં પ્રત્યક્ષ જઈને ન ભણી શકનાર નાગરિકો કે જેઓ ઉચ્ચ ડિગ્રી મેળવવા ઈચ્છુક છે. તેમને આ યુનિવર્સિટી ભણવાની તક પૂરી પાડે છે. જેનો લાભ હજારો વિદ્યાર્થીઓ દર વર્ષે લે છે. યુનિવર્સિટીની સ્થાપના બાદ સૌ પ્રથમ વખત કોન્વોકેશનની શરૂઆત માન. કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાનીના નેજા હેઠળ/ નેતૃત્વ હેઠળ જેનું આયોજન 3rd May,2016 ના દિવસે થયું હતું. જે યુનિવર્સિટી માટે ખૂબ જ ગૌરવની વાત છે.




આ દીક્ષાંત સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી તથા રાજ્યના માન. શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા અને માન.શિક્ષણ મંત્રીશ્રી ( ગુજરાત) પ્રો.વસુબેન ત્રિવેદી હાજર રહ્યા હતા. આ સાથે સભાના અતિથિ તરીકે રમેશભાઈ ઓઝા (પૂજ્યભાઈ)ની ઉપસ્થિત રહ્યા હતા. 2015-2016 માં ઉત્તીર્ણ થયેલ 4665 વિદ્યાર્થીને ડિગ્રી અને 149 વિદ્યાર્થીઓને મેડલ એનાયત કરવામાં આવેલ. પ્રથમ ક્રમના 57 વિદ્યાર્થી ગોલ્ડ, દ્વિતીય ક્રમના 47 વિદ્યાર્થીને સિલ્વર અને ત્રીજા ક્રમના 44 વિદ્યાર્થીને સર્ટિફિકેટ એનાયત માન. રાજ્યપાલશ્રી અને શિક્ષણમંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યા હતા.

યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ.પંકજ એલ. જાનીએ સ્વાગત પ્રવચનમાં યુનિવર્સિટીની ઉપલબ્ધિઓ અને પ્રથમ વખત થઈ રહેલ દીક્ષાંત સમારોહ કાર્યક્રમની ભૂમિકા અને ભવિષ્યના આયોજનનો વિચાર આવ્યો.




પ્રથમ દીક્ષાંત સમારંભમાં ગુજરાતનાં આદરણીય રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીજીએ કહ્યું કે "શિક્ષા માત્ર અક્ષરજ્ઞાન નથી". પરંતુ જીવન નિર્માણ છે. દેશ અને સમાજ માટે પ્રાસંગિક શિક્ષા પર ભાર મુક્યો.



સાયન્સ અને ટેકનોલોજીના યુગમાં વિશ્વ એક ગામ બની રહ્યું છે. તેના સંદર્ભમાં શિક્ષાનું ચિંતન કરવું જરૂરી છે. આપણે શિક્ષણને આધુનિકીકરણ તરફ લઈ જવા માંગીએ છીએ . ત્યારે શિક્ષણના કન્ટેન્ટમાં અને શિક્ષણમાં બદલાવ ખૂબ જ જરૂરી છે. આપણી શિક્ષા માત્ર નોકરી મેળવવા પુરતું બની રહ્યું છે. નોકરી ન મળતાં વિદ્યાર્થીના હતાશા અને નિરાશા ઉત્પન્ન થાય છે જે અંદોલન તરફ દોરી જાય છે. શિક્ષણ માત્ર નોકરી મેળવવા પ્રાપ્ત નથી. પરંતુ રોજગારીલક્ષી હોવું જરૂરી છે. આઝાદીના સાત દાયકા પછી પણ " ભારત વિકાસશીલ દેશ છે." તેવું વકતવ્ય છે.



શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા સાહેબે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા. સાથે સાથે વધારેમાં વધારે વિદ્યાર્થી આ યુનિવર્સિટીનો લાભ લઈ શકે તેમ છે. જેનો લાભ વિદ્યાર્થીએ લઈ જીવનમાં આગળ વધવું જોઈએ.







આદરણીય ડૉ. રમેશભાઈ ઓઝા (પૂજ્ય ભાઈશ્રી)એ પણ તેમની ખુશી વ્યક્ત કરી અને વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા. ડૉ. રવિન્દ્ર કુમાર તેમની પ્રવચનમાં વિદ્યાર્થીઓની પ્રશંસા કરી. યોગ્ય દિશામાં મેળવેલ  જ્ઞાનનો ઉપયોગ કરવાની અને તેમની જવાબદારી સમજવાની સલાહ આપી.

શિક્ષણમંત્રીશ્રી (ગુજરાત રાજ્ય) પ્રો. વસુબેન ત્રિવેદીએ યુનિવર્સિટી અને વિદ્યાર્થીને અભિનંદન આપ્યા અને સમાજના બધા જ વર્ગના લોકો માટે આ યુનિવર્સિટી ખૂબ જ પ્રણાલિકતાની કામગીરી કરી રહી છે અને સમાજના વર્ગના લોકોને સમાન તક પૂરી પાડે છે. જે દેશ અને રાજ્યના માટે ગર્વની વાત છે.












## श्री ओ. पी. कोहलीजी का संदेश
## माननीय राज्यपाल श्री
### (गुजरात राज्य)

सबसे पहले तो मैं उन छात्र-छात्राओं को बधाई देना चाहता हूँ, जिन्होंने पदवी प्राप्त की और पदक प्राप्त किए। वे अब अपने वास्तविक और व्यवहारिक जीवन में प्रवेश कर रहें हैं। छात्र के नाते उनके सामने अलग प्रकार की चुनौतियाँ थी, लेकिंन अब वह विस्तृत व्यापक चुनौती भरे जीवन में प्रवेश कर रहें हैं। इसलिये उन्हें शुभकामनाएं देना बहुत ज़रुरी है, ताकि वे वास्तविक जीवन की चुनोतियों का भी सफलतापूर्वक सामना कर सकें।

हम लोग कहते हैं की समाज को, देश को Relavant प्रासंगिक शिक्षण की आवश्यकता है। कभी हम यह भी कहते हैं कि हमारी शिक्षा प्रासंगिक नहीं है, इसको प्रासंगिक बनाया जाए, Relavant बनाया जाए। जब यह शब्द सुनते हैं तो मन में प्रश्न उठता है कि आखिर Relavant शिक्षा का मतलब क्या है ? शिक्षा समयानुकूल होनी चाहिये। शिक्षा युगानुकूल होंनी चाहिए, और शिक्षा समाज की आवश्यकताओं के अनुकूल होंनी चाहिए, ऐसी शिक्षा को हम प्रासंगिक शिक्षा कहते हैं हम कहते हैं कि हम GLOBALISATION और वैश्वीकरण के ज़माने में रह रहे हैं, हम कहते हैं कि हम ऐसे ज़माने में रह रहे हैं जहाँ विश्व सिमट कर एक गाँव बन गया है। यानि ये संदर्भ हैं जिस संदर्भ में हमको अपनी शिक्षा का विचार करना होगा कि वह समय के अनुरूप बने। प्रासंगिक बने।

विज्ञान और टेक्नोलोजी का सहारा लिए बिना आज के युग में, विश्व प्रतिस्पर्धा में टिक पाना मुश्किल है। इसलिए शिक्षा, विज्ञान और टेक्नोलोजी को अपने में समेट कर चलें। वैश्वीकरण से दुनिया तो छोटी हो गई लेकिंन प्रतिस्पर्धा बड़ी तीव्र हो गई। भयंकर प्रतिस्पर्धा। जब दुनिया छोटी होती है तो उसमे से ऐसी शक्तियाँ Release होती हैं, जिनकी वजह से प्रतिस्पर्धा बड़ी भयंकर हो जाती है।

आजकल हवा में बहुत से शब्द घूम रहे हैं। Skill India, Start up, Stand up, Digital India वगैरह वगैरह... यानि हम अपने देश को इन तरीकों से आधुनिक बनाना चाहते हैं, नया बनाना चाहते हैं। लेकिंन अगर हमको ऐसा करना है तो इसके लिए शिक्षा में भी, उसके CONTENT में भी, उसकी विषयवस्तु में भी परिवर्तन करना होगा। कहा जाता है कि हम अब केवल नौकरियों के बल पर देश को ज़िन्दा नहीं रख सकते। इसमें उध्धयता लानी होगी। तो फिर ENTERPRENURSHIP की शिक्षा, शिक्षा की विषयवस्तु बननी चाहिए। मैं ज़िक्र कर रहा हूँ इस बात का कि जिस दौर में से हमारी शिक्षा गुज़र रही है। उस पर क्या-क्या दबाव हैं। तो कौशल, उध्धयता, शिक्षा के CONTENT में ही यह चीज़ें आनी चाहिए।

इसलिए शिक्षा का स्वरुप ऐसा होंना चाहिए कि शिक्षित व्यक्ति रोज़गार का सर्जन कर सके। स्वयं अपने लिए भी और उससे दस लोगों को – बीस लोगों को खपा सके। अब केवल सरकारी नौकरियों का मुहं जोनेवाली शिक्षा चलेगी नहीं, इसलिए शिक्षा के चरित्र में बदलाव की ज़रुरत महसूस की जा रही है। आज २०१६ में हम इस दीक्षांत समारोह में खड़े हैं। १९४७ में देश आज़ाद हुआ था। अब २०१६ है। सात दशक होनें को आये, और जब देश आज़ाद हुआ था तब मैं तो १२ वर्ष का था। मेरा जन्म १९३५ का है I तब ज्यादा समझ नहीं थी, लेकिंन तो भी कुछ शब्द हवा में उड़ते रहते थे और कान में पड़ते थे। उनमें से एक शब्द था 'India is a developing country'. यानी India is not a developed country, it is a developing country. ये विकसित देश नहीं है, विकासोन्मुख देश है। और आज भी आप अख़बार उठा लीजिए, पत्र-पत्रिका उठा लीजिए, दुनियाभर के आप टी.वी. देख लीजिए, भारत के साथ जो विशेषण लगाया जाता है वो यही लगाया जाता है कि, 'India is a developing country'। यानि सात दशक में भी भारत Developing Country ही है और Second World War में १९४५ में जो देश तबाह हो गए थे वे देश फिर उठ-खड़े हुए। इसलिए अब हमको यह विचार करना होगा कि हमारी शिक्षा ऐसी हो, जो विकास की प्रक्रिया को तीव्र करे, और ये जो हम पर Developing Country का TAG लगा हुआ है ये दूर हो जाए और हम Develope Country की श्रेणी में आ जाएँ।

कितना बड़ा समाज का वर्ग ऐसा है कि वो अभी निरक्षर है। कितना बड़ा समाज का वर्ग ऐसा है जो अभी शिक्षा के दायरे में नहीं आया। इसलिए हम यह कह सकते हैं कि हमारी मौजूदा शिक्षा INCLUSIVE नहीं है। ये INCLUSIVE हो, सर्व समावेशी हों, इसमें सब आजाए।

शिक्षा व्यक्ति को गढ़ती है, बनाती है। आप बहुत सुंदर मूर्ति, प्रतिमा देखते हैं, उस सुंदर मूर्ति और प्रतिमा का निर्माण तो एक अनगढ़ पत्थर से हुआ है। एक अनगढ़ पत्थर से, किसी शिलाखंड से। उसमें कोई सौन्दर्य नहीं था, कोई आकृति नहीं थी। कोई रूप नहीं था, कोई व्यक्तित्व नहीं था। एक Personalityless, व्यक्तित्वहीन शिलाखंड पत्थर का टुकड़ा। उसको किसी कलाकार ने मुर्तिकार ने गढ़ कर एक शब्द चलता है आज कल Value Edition , Value Edition का मतलब हे कि एक साधारण सी चीज है. जिसकी कीमत कुछ नहीं हे लेकिंन उसको आप बदल दीजिये तो उसका Value Edition हो गया. तो ये कलाकार क्या करता है ? ये Value Edition करता है उस शिलाखंड को छैनी से तराश कर उसको एक सुन्दर आकृति बना देता है. जिस शिलाखंड को हम पाँव से ठुकराते थे उसे अब हम हजारों-हजारों , लाखों-लाखों रुपया देकर खरीदते हैं उस मूर्ति को. ये Value Edition हो गया। शिक्षा का काम Value Edition करना है। और ये Value Edition करने का काम जेसा कि हमारे मंत्रीश्रीजी ने कहा, शिक्षक की गुणवत्ता- गुणवत्तायुक्त शिक्षक, वो शिक्षक ही तो Value Edition करेगा, शिक्षक ही तो मूर्तिकार है जो उस पत्थर को गढ़कर Value Edition करता है।

आधुनिक विज्ञान और टेक्नोलोजी की धारा। जितनी महत्वपूर्ण है उतनी ही महत्वपूर्ण बल्कि उससे भी कही ज्यादा महत्वपूर्ण है, भारतीय ज्ञान परंपरा। कहीं हम आधुनिक विज्ञान और टेकनोलोजी के फेर में पड़कर भारत की ज्ञान परंपरा का, भारत की मूल्य परंपरा का, भारत की जीवन निर्माण करनेवाली परंपरा का, भारत की आध्यात्मिकता का, भारत की धार्मिकता को, उपेक्षा न कर दें। यानि भारतीय संस्कृति को ताक पर रखदें और कहें कि हमने बड़ी प्रगति करली। इस प्रकार की एकांगी प्रगति स्वीकार नहीं हो सकती। आवश्यकता है कि हम आधुनिक विज्ञान और टेकनोलोजी से अपना मुँह न मोड़े। लेकिंन भारतीय ज्ञान परंपरा में हमारी मजबूती से जमे रहे।

भारतीय ज्ञान परंपरा में हमारी श्रध्धा मजबूत हो, या भारतीय ज्ञान परंपरा में हमारी श्रध्धा कमजोर हो। अगर भारतीय ज्ञान परंपरा में हमारी श्रध्धा कमजोर हो गई तो हम चरक को नकार देगे, हम धन्वन्तरी को नकार देगे, हम सुश्रुत को नकार देगे, हम चाणक्य को नकार देगे, हम अपने रामानुजन् को नकार देंगे। किन-किन को नकार देंगे ? इसलिए आज आवश्यकता ये है कि, हमको ऐसी शिक्षा विश्वविध्यालयो में प्रदान की जाय जो एक ओर ज्ञान और टेकनोलोजी को स्वीकार करने के लिए हमारे मन के क्षितिज को उदार करे। और दूसरी ओर जिसको हम भारत के जीवन मूल्य कहते हैं, परंपरा कहते हैं, आदर्श कहते हैं, भारतीयता कहते हैं, indianness कहते हैं, कुछ ही नाम दो, उसमें हमारी आस्था को हमारी श्रध्धा को मजबूत करे।



**શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા**
**માનનીય શિક્ષણ મંત્રીશ્રી**

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી કોઈ વિદ્યાર્થીને નિયમિત આવવવાનું અનુકુળ ન હોય, ભણવાની ઈચ્છા હોય, હોશિયાર પણ હોય, નિયમિત સમય અને પૈસાનો અભાવ હોય, એવા વિદ્યાર્થીઓ માટે પણ અનુકૂળતા ઊભી કરી, જે પહેલા નહોતી મિત્રો. ૨૨ વર્ષે, પંકજભાઈ જાનીના નસીબમાં આ મોટો કાર્યક્રમ આવ્યો છે. અભિનંદન આપું છું; કારણકે, વચ્ચેના ગાળામાં ઘણા મહાનુભવો આ જવાબદારી સફળતાપૂર્વક સંભાળેલી હતી.*

*મિત્રો, આથી બીજી યુનિવર્સિટી, 'ચિલ્ડ્રન યુનિવર્સિટી'ની કલ્પના કરો મિત્રો ! આજનું બાળક કાલનો તરુણ છે અને પરમ દિવસનો યુવાન નાગરિક છે. એ કેવો હોવો જોઈએ ! આપને કેટલીવાર સમાજમાં પાકા ઘડે કાંઠા ચઢાવવાની કોશિશ કરી રહ્યાં હોઈએ છીએ; પરંતુ, બાળકને ગર્ભાવસ્થાથી માંડીને અમારી આ ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં ગર્ભાધાનથી માંડીને જન્મ, ત્યારથી એના સંસ્કાર બને અને એક સારો નાગરિક બને ત્યાં સુધી; મિત્રો, નાની વાત નથી. આખા દેશની અંદર ક્યાંય ચિલ્ડ્રન યુનિવર્સિટી નથી. એવી આ સમાજને ભેટ શ્રી નરેન્દ્રભાઈ મોદી આપણને આપી છે.*

*કઈ માનસિકતાથી* Teaching Profession*માં લોકો આવે છે!! ''અરે યાર શું કરું ?* Medical *માં ન મળ્યું! ઈજનેરીમાં ન મળ્યું !...* B.Ed *કરી નાંખ્યું''આ માનસિકતામાંથી બહાર આવવા માટે શ્રી નરેન્દ્રભાઈ એ કહ્યું કે, આ સમાજને સારો શિક્ષક મળવો જોઈએ. ગુણવત્તાયુકત શિક્ષણ આપવું હશે તો ગુણવત્તાયુક્ત શિક્ષક આપવો પડશે. એ આખી પ્રોસેસ એના માટે જેમ* Law University*માં દાખલ થાય એટલે વકીલ; એમ અહીયા* Teachers University*માં દાખલ થાય એટલે સમાજનો સારો*

શ્રેષ્ઠ શિક્ષક. શ્રી નરેન્દ્રભાઈની ઈચ્છા હતી કે, ગુજરાત સારા શિક્ષકોની નિકાસ કરે અને મિત્રો, રાજ્યના શિક્ષણમંત્રી તરીકે શ્રદ્ધા, આશા અને દાવા સાથે કહું છું કે, ગુજરાત માટે આ અશક્ય નથી. ૧૨-૧૫ લાખથી શરૂ કરીને આજે ૫૫-૬૦ લાખ લોકો દર વર્ષે ભારતીય રમત રમીને ખેલકૂદ મહાકુંભમાં ભાગ લે છે. પ્રાથમિકથી માંડીને કોલેજ સુધી અને પછી અમે ઉમેરો કર્યો કે જેમાં, સમાજના એવા વર્ગ છે કે જે રમવા ઈચ્છે છે પણ શાળા- કોલેજોમાં નથી !! ઘરે છે, ધંધો રોજગાર કરે છે !! અરે ! અમારી પાસે તો રસ્સાખેંચ અને બીજી એવી હળવી રમતો માટે મિત્રો, ૭૦-૭૫ વર્ષના વડીલો પણ આવે છે. આ છે ખેલ મહાકુંભ મિત્રો, સમાજને એક સાથે જોડીને...

ગાંધીજીની વાત બહુ કરીએ છીએ. સાચું બોલવું, જીહ્વા થકી અસત્ય ન બોલવું, પરસ્ત્રી માત સમાન..પણ વાતો કરીને પછી પૂરી કરી દઈએ છીએ. જીવનમાં કંઈક Ethics હોવા જોઈએ, અને તો અને તો જ મિત્રો, જીવન સફળ થાય. ગાંધીજીએ ૧૨ Ethics આપ્યાં છે, દરેક માણસ એકેયનું પાલન કરે તો આપણા સમાજમાં આવી સમસ્યાઓ ક્યાંય પણ ઊભી નહીં થાય. આપ સૌને મારી નમ્ર પ્રાર્થના અને વિનંતી છે કે, આ સહિયારું કામ છે. આપણી માનસિકતા હોય છે કે અમે તમને ગાંધીનગર અને દિલ્લી મોકલી દીધા હવે તમે બધા કરો, સ્વચ્છતા-શૌચાલય આ બધી બાબતોમાં અને આપણે ગંદકી કરવાની. નગરપાલિકા સાફ કરશે, એ ન ચાલે...હું ગંદકી જ ન કરું તો ? એવી જ રીતે શૌચાલય, કુપોષણ, માત્ર સરકારની જવાબદારી? શું કોઈ શ્રેષ્ઠી જવાબદારી ન લે? કે મારી પાંચ આંગણવાડી અને એના બાળકોને હું અઠવાડિયે એક વખત સફરજન આપીશ. કોઈ એમ કહે કે, એક વખત હું દૂધ આપીશ. મિત્રો, લાંબુ નથી કહેતો પણ ગુણોત્સવ કાર્યક્રમમાં ગોધરા તાલુકાના, હાલોલ તાલુકામાં એક માત્રને માત્ર ભરવાડ કોમ્યૂનિટીનું એક ગામ. આગલે દિવસે મેં આ અપીલ કરી.

બધા લોકોએ ગાંઠવાળી કે વાતતો સાચી છે. સરકાર ક્યાં સુધી બધું કરશે? રાત્રે અમારા DSOનો મને ફોન આવ્યો, ''સાહેબ ગઈકાલે તમે ગયા હતાને એ લોકોએ સંકલ્પ કર્યો છે કે પોતે ૫ લીટર ભરતા હોય કે ૧૦ લીટર ભરતા હોય, એમાંથી બાળકોને ૮૦ લીટરની જરૂર છે ૮૦ લીટર આપીશું.

સરકાર શું આપવાની છે? અમે બેઠા છીએ. મિત્રો, બીજા દિવસે સવારે મેં મારા હાથથી ઉદઘાટન કરીને મેં શાબાશી આપી, કે આ છે લોક-ભાગીદારી.

મિત્રો, હું વિષયાંતર કરીને લોકશિક્ષણ કરી રહયો છું અને આ સંકલ્પ બધા જ લોકો કરે તો એકપણ બાળક કુપોષિત ન રહે. છેલ્લે મિત્રો, આટલા વર્ષની આઝાદી પછી શિક્ષણમંત્રી તરીકે પીડા વ્યક્ત કરું છું કે પ્રવેશોત્સવ શરૂ કર્યા ત્યારે ૬૯% સાક્ષરતા હતી. આજે ૭૯% થઈ છે. કન્યાઓમાં ૧% ફેર પડ્યો છે ૮૦% થઈ છે, ૬૮ વર્ષની આઝાદી પછી.

સવારમાં ઊઠીને બંગલો દેખાય. સવારમાં ઊઠીને નૈષ્ઠિ સમાજ દેખાય. પણ આજે પણ ગામડામાં વસેલો મારો ભાઈ, મારી બેન, મારી મા અને એ સાથે મિત્રો, ૨૦૦૩ પછી જન્મેલું બાળક ૨૦૧૬ સુધીમાં દાવા સાથે કહું છું કે, એકપણ બાળક નિરક્ષર નથી અને બાકીના જે વધ્યાં છે એમને સાક્ષર કરવાનું કામ પણ મિત્રો, આ સમાજનું છે, આવો ! આગામી ૯-૧૦-૧૧ અને ૧૬-૧૭-૧૮ અમારો પ્રવેશ મહોત્સવ આવે છે, તમે કરો કામ ૪૨ – ૪૪ ડિગ્રીમાં. મુખ્યમંત્રી, મંત્રી, આ બધા લોકો તો જઈએ જ છીએ.

હું તમને બધાને આવાહન કરું છું. ખાસ યુનિવર્સિટીને આવાહન કરું છું, વાઈસ ચાન્સલરશ્રીને આવાહન કરું છું, તમારા અધ્યાપકોને આવાહન કરું છું, તમારા વિદ્યાર્થીઓને આવાહન કરું છું; ચાલો સૌ સાથે મળીને કરીશું - આવતા ૫ વર્ષની અંદર. મેં Calculation કર્યું છે કે, ૬૮ વર્ષમાં ૭૦% પહોંચે, આવતા ૫ વર્ષમાં ૧૦૦% સાક્ષર ગુજરાત આપણે કરી બતાવીએ.

હું તમને બધાને આવાહન કરું છું કે તમે બધા કોઈને કોઈ ગામડામાંથી આવો છો, કે પછી ભલે અહીયા ૫૦ વર્ષથી રહેતા હોઈએ પણ મૂળ ગામ કોઈક ગામડામાં તો હશે. એ ગામમાં જઈએ અને ગામમાં જઈને એ ગામને સાક્ષર બનાવીએ. શનિ-રવિમાં જઈએ. મિત્રો, કુપોષણનું કલંક, અસાક્ષરતાનું કલંક, એ માત્ર સરકાર પર નથી. સમગ્ર સમાજ ઉપર છે અને આપણે સમાજ તરીકે આમાં લોકભાગીદારી કરીએ અને કુપોષણ, શૌચાલય, સાક્ષરતામાં આપણે નોંધપાત્ર કામ કરીએ; એટલી વાત સાથે જય-જય ગરવી ગુજરાત.





**ડૉ. રમેશભાઈ ઓઝાજી**
**પૂજય ભાઈશ્રી**

માત્ર ગુરુજનો વિશ્વવિદ્યાલયના કે વિદ્યાલય-મહાવિદ્યાલયના એ શિલ્પઓ નથી. એ શિલ્પી તો તમારે પોતે થવાનું છે. તમારી જાતને ઘડવા માટેના સાધનો વિશ્વવિદ્યાલય ઉપલબ્ધ કરાવે. પણ જો તમે ઘડવા તૈયાર ન હોવ. તમે પોતે તમારા ઉપર ઘા કરવા અને એ છીણીના ઘા સહન કરવા તૈયાર ન હોવ તો શિલાખંડમાંથી તમે સુંદરમૂર્તિ, દર્શનમૂર્તિ, પૂજા યોગ્ય મૂર્તિ ન બની શકે.! એ મૂર્તિ દર્શનીય હોય એનું સૌષ્ઠવ તમે જુઓ. એનું સૌંદર્ય જુઓ, એટલે તમે ત્યાં સ્થિર થઈ જાઓ. તમારી આંખો ત્યાં ચોંટી જાય. આપણને જીવંત લાગે. પણ એ મૂર્તિ માત્ર દર્શનીય હોય છે. એ પૂજનીય નથી હોતી. એ મૂર્તિને જયારે વિવિધપૂર્વક આપણા દેવાલયોમાં પ્રાણપ્રતિષ્ઠા સાથે સ્થાપવામાં આવે અને પ્રાણપ્રતિષ્ઠા જો થઈ તો સ્વાભાવિક રીતે દરેકની એમાં શ્રદ્ધા જાગે. એક વિશ્વાસ સાથે લોકો પૂજા કરે પ્રાર્થના કરે એના પ્રત્યે શ્રદ્ધા થાય. માત્ર ગુરુજનો વિશ્વવિદ્યાલયના કે વિદ્યાલય-મહાવિદ્યાલયના એ શિલ્પઓ નથી. એ શિલ્પી તો તમારે પોતે થવાનું છે. તમારી જાતને ઘડવા માટેના સાધનો વિશ્વવિદ્યાલય ઉપલબ્ધ કરાવે. પણ જો તમે ઘડવા તૈયાર ન હોવ. તમે પોતે તમારા ઉપર ઘા કરવા અને એ છીણીના ઘા સહન કરવા તૈયાર ન હોવ તો શિલાખંડમાંથી તમે સુંદરમૂર્તિ, દર્શનમૂર્તિ, પૂજા યોગ્ય મૂર્તિ ન બની શકે.! એ મૂર્તિ દર્શનીય હોય એનું સૌષ્ઠવ તમે જુઓ. એનું સૌંદર્ય જુઓ, એટલે તમે ત્યાં સ્થિર થઈ જાઓ. તમારી આંખો ત્યાં ચોંટી જાય. આપણને જીવંત લાગે. પણ એ મૂર્તિ માત્ર દર્શનીય હોય છે. એ પૂજનીય નથી હોતી. એ મૂર્તિને જયારે વિવિધપૂર્વક આપણા દેવાલયોમાં પ્રાણપ્રતિષ્ઠા સાથે સ્થાપવામાં આવે અને પ્રાણપ્રતિષ્ઠા જો થઈ તો સ્વાભાવિક રીતે દરેકની એમાં શ્રદ્ધા જાગે. એક વિશ્વાસ સાથે લોકો પૂજા કરે પ્રાર્થના કરે એના પ્રત્યે શ્રદ્ધા થાય.યુનિવર્સિટીએ વિશ્વવિદ્યાલયોએ માત્ર એક સુંદર મૂર્તિ બતાવવાનું જ કામ નથી કર્યું. જેમ આદરણીય વસુબેને કહ્યું એમ...! વ્યવહારલક્ષી શિક્ષણની સાથે સાથે મૂલ્યનિષ્ઠા અને મૂલ્યનિષ્ઠા એનામાં આવે. અહીયાથી સાથે સાથે મૂલ્યનિષ્ઠા કરવાની છે.! માત્ર આપણે ભૌતિક વિકાસ તરફ ધ્યાન નથી આપવાનું એનું હૃદય એની લાગણીઓ એની ભાવનાઓ એ અવિકસિત રહી જાય તો પણ ક્યાંકને ક્યાંક એના ઘડતરમાં અધૂરપ રહી જશે.!

સિર્ધ-સિર્ધોસમોભૂત્વા સમત્વ યોગ ઉચ્યતે

સિદ્ધિ અને અસિદ્ધિ, સફળતા અને વિફળતા એ બનેમાં Balance of Mind ટકાવી રાખે, એની સમતા ધારણા કરી રાખે એ પણ એક યોગ છે.! તમારે યોગી થવાનું છે. છોકરાઓ એ .... આપણે એને નિષ્ફળતા પચાવતાય શીખવાડવું પડશે. અને માત્ર નિષ્ફળતા પચાવતા નહી પણ નિષ્ફળતાને સફળતાની સીડી બનાવતા, કે તું આનાથી કંઈ શીખીશ તો આપણી સફળતાની સીડી બનશે અને તને ઉપર લઈ જશે.!

આજે ૨૦૦ યુનિવર્સિટીની અંદર વિશ્વની ૨૦૦ ટોપ યુનિવર્સિટીમાં આપણે ભારતને ક્યાંય હજી સમાવેશ કરી શક્યા નથી. આવી સ્થિતિ શા માટે થઈ? આ ચિંતનનો અને ચિંતાનો વિષય છે. આપ સૌ એ કરી જ રહ્યા છો અને એટલા માટે એક અનુરોધ ખૂબ આશાપૂર્વક આપને કરવાનું મન થયું અને આપના માધ્યમથી કેન્દ્ર સરકારને પણ કરવાનું મન થયું, આ શિક્ષણનું ક્ષેત્ર મારા માટે સૌથી વધારે મહત્વનું છે. હું પણ કથા દ્વારા, It's not only Religious Activity Katha is a media fro mass Education fro me, લગાતાર (નિરંતર) લોકોને Educate, Trained તો તમે પ્રાણીઓને કરી શકો પણ Educate તમે ઈન્સાનને જ કરી શકો છો. અને એ Education એવી રીતનું હોવું જોઈએ જેથી કરીને ચરિત્રશીલ નાગરિક નિર્માણ થાય.

આપણા આદરણીય મહામહિમ એ નખશીખ શિક્ષક છે. એમને પ્રણામ કરું છું; મેં એમ સાંભળ્યું છે કે એ ગવર્નર હાઉસમાં પણ ત્યાંના સ્ટાફને વચ્ચે એના સ્ટાફના બાળકોને વચ્ચે સમય લઈને ભણાવે છે. ખૂબ મહત્વપૂર્ણ એમનું વક્તવ્ય આજે આપણે સાંભળવાનું છે. પણ આવા મહાનુભાવની વચ્ચે જયારે હું અહીયા ઉપસ્થિત થવાનો મને અવસર મળ્યો છે અને ડૉ. બાબાસાહેબ આંબેડકર જેવા ભારતના બંધારણના ઘડવૈયા અને ભારતના બંધારણના નહી સાહેબ!! ભારતનાં મહત્વપૂર્ણ ઘડવૈયામાંના એક!! એવા આદરણીય ડૉ. બાબાસાહેબ આંબેડકરની સાથે જોડાયેલી આ યુનિવર્સિટી એમાં જયારે આ પદવીદાન સમારોહમાં એકત્રિત થયા છીએ.મને વિશેષ આનંદ એ થયો કે સૌથી પહેલો વહેલો મેડલ સંસ્કૃત ભાષાનો

વિદ્યાર્થીને આપવામાં આવ્યો. હું એ ક્ષેત્રનો માણસ છું એટલે પણ મને વધારે રાજીપો થાય અને ડૉ.બાબાસાહેબ આંબેડકર પણ સંસ્કૃત ભાષા શીખવવાના ખૂબ મોટા હિમાયતી હતા. એટલા માટે પણ આ ખૂબ યોગ્ય કાર્ય થયું છે. હું મારી પ્રસન્નતા વ્યક્ત કરું છું અને ફરીથી એકવાર બધા જ જેમને સર્ટિફિકેટ મળ્યા છે. મેડલ્સ મળ્યા છે. આજે આ પદવી પ્રાપ્ત થઈ છે એ સૌ વિદ્યાર્થી ભાઈ-બહેનોને અભિનંદન આપું છું અને યાત્રા તમારી હવે શરૂ થાય છે. પરીક્ષા તમારી હવે શરૂ થાય છે. હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે સમતાને બરાબર ટકાવી રાખે. બજાણિયાના ખેલ આપણે જોતા હોઈએ છીએ. હાથમાં વાહડો લઈ અને એને દોરડા ઉપર ચાલવાનું હોય છે. આપણે એ ખેલ આખી જિંદગી કરવાનો છે વ્હાલા..!!! એટલા માટે એમને એમ તમારી સમતા ટકી રહે અને તમે જીવનની યાત્રા કરતા કરતા લક્ષ્ય સુધી પહોંચો ઈશ્વર એના માટેની  સમજ અને શક્તિ એ બન્ને આપને આપો. જય હિંદ... જય ગરવી ગુજરાત...



**પ્રો. શ્રીમતી વસુબેન ત્રિવેદી**
**શિક્ષણ મંત્રીશ્રી (ગુજરાત રાજય)**

રાજ્ય સરકાર દ્વારા આ યુનિવર્સિટીની સ્થાપના શિક્ષણના સહજ અને સરળ વિસ્તૃતીકરણ માટે કરવામાં આવી છે. ગુજરાતના જ છેવાડાના વ્યક્તિને પણ જ્ઞાનની પિપાસા સહજ રીતે તૃપ્ત થાય અને શિક્ષણ તેના વિકાસનું માધ્યમ બનાવી શકાય તે માટે કરવામાં આવી છે. આ યુનિવર્સિટીની કેટલીક વિશેષતાઓ એ છે, જેમ કે જ્યોતિર્મય પરિસર, ઓમકાર પોર્ટલ, Swadhyay Radio અને Swadhyay Televisionની સ્થાપના તથા વર્ચ્યુલ ક્લાસરૂમ વગેરે જે સ્વાભાવિક રીતે અન્ય પરંપરાગત યુનિવર્સિટીઓમાં જોવા મળતી નથી. આધુનિક વિજ્ઞાન અને Technologyથી શિક્ષણની ક્ષિતિજોને વિસ્તારવાનું કામ થયું છે. પોતાના વ્યવસાય કે નોકરીમાં વ્યસ્ત વ્યક્તિઓ કોઈક કારણસર યથાસમયે સંજોગોવસાત શિક્ષણથી વંચિત વ્યક્તિઓને સહજ શિક્ષણ ઉપલબ્ધ કરાવવાનું કાર્ય અહીયા કરવામાં આવી રહ્યું છે. યુનિવર્સિટીના માધ્યમ થકી વ્યવસાયલક્ષી તેમજ જીવનમૂલ્ય સંવર્ધનની પ્રશંસનીય કામગીરીને વધુ વિસ્તૃત કરવા હું સુચન કરું છું. હું આશા રાખું છું કે, યુનિવર્સિટીના આ પ્રયાસોથી રાજ્ય સરકારના જ્ઞાનશકિતના પરિણામને બળ મળશે તેમજ કન્યાકેળવણીના પ્રયાસોને પણ સફળતા મળશે.










**ડૉ. પંકજ એલ. જાની**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

તા. ૩ મે ૧૯૯૪, સ્વજ દિવસે પ્રથમ કુલપતિશ્રી ડૉ. M.N.DESAIજી એ આ યુનિવર્સિટીની ૨૨ વર્ષ પહેલા શૈક્ષણિક કામગીરીની શરૂઆત કરેલ અને આજ દિવસ સુધી દરેક ક્ષેત્રમાં યુનિવર્સિટી સફળતાના સોપાન હાસિલ કરેલ છે. યુનિવર્સિટીના ઉદ્દેશોને પ્રાપ્ત કરવા Technologyનો મહત્તમ ઉપયોગ કરી સમગ્ર રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં પણ પહોંચી શિક્ષણનો વ્યાપ વધાર્યો છે. નોકરી કરતા વિદ્યાર્થીઓં અને અન્ય વ્યવસાયમાં જોડાયા હોય એવા વિદ્યાર્થીઓ પણ અભ્યાસમાં સંપૂર્ણ સહેલાઈથી યુનિવર્સિટી દ્વારા ઉપલબ્ધ કરવામાં આવે છે તેમજ વેબસાઈટ ઉપરથી પણ વિના મૂલ્યે પ્રાપ્ત કરી શકાય છે. યુનિવર્સિટી દ્વારા સ્થાપિત Swadhayay Radio, Swadhayay Televidionના દૂરવર્તી માધ્યમથી રાજ્યભરના વિદ્યાર્થીઓને ઘર બેઠા શિક્ષણ ઉપલબ્ધ થશે. રાષ્ટ્રનિર્માણમાં પોતાનું મહત્તમ અને શ્રેષ્ઠ નિર્માણ આપી શકે તેવા યોગ્ય નાગરિકોનું નિર્માણ કરવું એ આ યુનિવર્સિટીનું પ્રાથમિક ધ્યેય છે. નવા શૈક્ષણિક ક્ષેત્રથી રાજ્યના વિવિધ કેન્દ્ર ઉપરાંત યુનિવર્સિટીના જ્યોતિર્મય પરિસર ખાતે પણ વિદ્યાર્થીઓને અધ્યાપન અને પરીક્ષાની કામગીરી શરૂ કરવામાં આવશે. યુનિવર્સિટી દ્વારા એકેડમિક કાઉન્સિલની પણ રચના કરવા આવી છે. અને દરેક વિદ્યાશાખામા નવા અભ્યાસક્રમ શરુ કરવા અને નવા અભ્યાસ સંપૂટ તૈયાર કરવા નિર્ધાર કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓની પરીક્ષાનું સફળ આયોજન સમયસર પરીક્ષાઓ થાય, સમયસર પરિણામ પ્રાપ્ત થાય એ અમારી અગ્રિમતા રહશે. જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૧૬ ની પરીક્ષાઓના તમામ પરિણામ વોકેશનલ કોર્ષ સિવાયના જાહેર થઈ ગયા છે. તે કહેતા ગર્વ અને ગૌરવની લાગણી અનુભવું છું. તેનો યશ તમામ ટીમને અધિકારીઓશ્રીને અને ટીમ મેમ્બરને અભિનંદન પાઠવું છું. અને પ્રથમ પદવીદાન પ્રસંગે વિવિધ વિદ્યાશાખાના કુલ ૪૬૬૫ (ચાર હાજર છસો ને પાસઠ) વિદ્યાર્થીઓ પદવી પ્રાપ્ત કરે છે અને ૧૪૯ (એકસો ને ઓગણપચાસ) વિદ્યાર્થીઓને મેડલ પ્રાપ્ત થઈ રહ્યાં છે. આ તમામ વિદ્યાર્થીઓને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવું છું. અને પ્રભુને પ્રાર્થના કરું છું કે આપની સંકલ્પનાઓ પૂર્ણ થાય. જય-જય ગરવી ગુજરાત,



## સ્કુલ ઓફ હ્યુમેનીટીઝ એન્ડ સોશિયલ સાયન્સ

### ગોલ્ડ મેડલ લિસ્ટ

| | |
|---|---|
| પટેલ મનીષાબેન ચંદુભાઈ – **MSO** | ઝાલા દેવેન્દ્રસિંહ માનસિંહ – **B.A.** |
| પટેલ ભૂમિકાબેન નરસિંહભાઈ – **MSO** | ડામોર જયેન્દ્રકુમાર બચુભાઈ – **B.A.** |
| ડામોર હરિશ્ચન્દ્ર શાંતિલાલ – **MHD** | શાહ હીનાબેન ધનજીભાઈ – **B.A.** |
| ચૌધરી વિજયકુમાર જોઈતાભાઈ – **MHD** | દુની નાઝનીનબાનું ઈકબાલભાઈ – **B.A.** |
| પટેલ યોગીતાબેન ભીખાભાઈ – **MGT** | ગોલારાણા જયેશ રાજકુમાર – **B.A.** |
| સુન્દાવાદ્ર રણજીત વિજયભાઈ – **MGT** | ચૌધરી નમ્રતાબેન પ્રેમજીભાઈ – **B.A.** |
| સથવારા અલ્પાબેન નવીનચંદ્ર – **MGT** | દંતાણી કનુભાઈ ગોવિંદભાઈ – **B.A.** |
| પરમાર હિમાનીબેન હસમુખભાઈ – **MEG** | દમની આશિષ સમસુદ્દીન – **B.A.** |
| પટેલ એકતાબેન બીપીનભાઈ – **MEG** | પરમાર કાશ્મીરા માધવજી – **B.A.** |
| પટેલ જયદીપાબેન અંબાલાલ – **BLIS** | પીઠડીયા મિતેશકુમાર કિરીટકુમાર – **B.A.** |
| શાહ કૃપા રજનીભાઈ – **BLIS** | પરમાર કંચનબેન ઈશ્વરભાઈ – **B.A.** |
| પટેલ અનલબેન હસમુખભાઈ – **B.A.** | રાઠોડ કલ્પના દામજીભાઈ – **B.A.** |
| નયી વીરેન્દ્રકુમાર જયંતીલાલ – **B.A.** | પરમાર હરેશ જયંતિલાલ – **B.A.** |
| ગઢવી જીતેન્દ્ર રમેશભાઈ – **B.A.** | પટેલ જ્યોત્સનાબેન અરવિંદભાઈ – **B.A.** |
| પ્રજાપતિ સતીશકુમાર રામાભાઈ – **B.A.** | |

### સિલ્વર લિસ્ટ

| | |
|---|---|
| પટેલ અંકિતાબેન નટવરભાઈ - **MSO** | પટેલ ધવલકુમાર હસમુખભાઈ - **MEG** |
| શાહ જીગ્નેશકુમાર અશ્વિનકુમાર - **MSO** | પટેલ નિતિનકુમાર રમેશભાઈ - **BLIS** |
| પારગી અનિલકુમાર માથાભાઈ – **MHD** | પટેલ સુરેખાબહેન જયંતીભાઈ - **BLIS** |
| કછોટ આરસી રામસિંહ – **MHD** | દેસાઈ ડિન્કલબેન અનીશચંદ્ર - **BLIS** |
| પ્રજાપતિ મિતેશકુમાર રમેશભાઈ – **MGT** | ભોઈ સંદીપકુમાર વિઠ્ઠલભાઈ – **B.A.** |
| મુન્ગલા ઘનશ્યામ વિઠ્ઠલભાઈ – **MGT** | કાકાણી મનીષકુમાર વિમલકિશોર – **B.A.** |
| ઝંકત સંદીપકુમાર વલ્લભભાઈ - **MEG** | ઝાલા નૈમેશકુમાર માનસિંહ – **B.A.** |
| શર્મા કિશોરકુમાર રણછોડભાઈ - **MEG** | શુક્લ નિલ રાજેન્દ્રપ્રસાદ – **B.A.** |

| | |
|---|---|
| પરમાર ભરતકુમાર સેનાભાઈ – **B.A.** | પંડયા વિમલ લાભશંકર – **B.A.** |
| મકવાણા જાલમભાઈ ધનાભાઈ – **B.A.** | પરમાર પોપટભાઈ કેવાભાઈ – **B.A.** |
| પરમાર અલ્પાબેન માનસિંગભાઈ | સોલંકી દુદાભાઈ ઉકાભાઈ – **B.A.** |
| મોદી શૈલેશકુમાર સેવંતીલાલ – **B.A.** | દરિયાલ પિનાકિન શાંતિલાલ – **B.A.** |
| રાઠવા વિદ્યાબેન ખુમાણસિંગ – **B.A.** | ખંત મહેન્દ્રભાઈ નટવરભાઈ – **B.A.** |
| કંઠારિયા પિનાકિન બળવંતભાઈ – **B.A.** | પ્રજાપતિ આરતીબેન અમૃતલાલ – **B.A.** |
| યાદવ હર્ષ મનુભાઈ – **B.A.** | |

## સર્ટીફીકેટ

| | |
|---|---|
| પરમાર મનુભાઈ રેવાભાઈ – **MSO** | માંન્છાત્ર હર્ષદભાઈ કાળુભાઈ – **B.A.** |
| પટેલ કિંજલકુમાર ચીમનભાઈ – **MSO** | પરમાર ધર્મેશકુમાર ડાહ્યાલાલ – **B.A.** |
| રામાવતાર મીના – **MHD** | મોઢા જીજ્ઞેશકુમાર હિરજીભાઈ – **B.A.** |
| ગાંધી શોભા અનિલ – **MHD** | બારડ મિનાક્ષીબેન જેઠાભાઈ – **B.A.** |
| સાવરિયા અનિતા શૈલેશકુમાર – **MGT** | ચૌધરી પ્રતિકાબેન શંકરભાઈ – **B.A.** |
| મક્કડ ભક્તિબેન નવીનચંદ્ર – **MGT** | પટેલ હિમાબેન નગીનદાસ – **B.A.** |
| જાડેજા હરદેવસિંહ પ્રવિણસિંહ - **MEG** | ગરાસિયા દિનેશકુમાર જગજીભાઈ – **B.A.** |
| જાની મોનાલી રાજેન્દ્રભાઈ - **MEG** | પટેલ પ્રકાશભાઈ ભિખુભાઈ – **B.A.** |
| રાજપૂત દિપીકાબેન અજીતસિંહ - **BLIS** | પ્રજાપતિ રંજન અંબારામ – **B.A.** |
| પટેલ જેનીકાબેન ધનસુખભાઈ - **BLIS** | પટેલ કૃતિકાબેન ગુલાબભાઈ – **B.A.** |
| પટેલ શિતલબહેન પ્રભુભાઈ – **B.A.** | પટેલ પ્રિન્કલકુમારી મહેશભાઈ – **B.A.** |
| બારૈયા શિવાનીબેન મનસુખલાલ – **B.A.** | વાઘેલા કપિલકુમાર મણીલાલ – **DVHW** |
| પ્રજાપતિ ભાવિકાબેન અરજણભાઈ – **B.A.** | ઘેડીયા ભાવિકા વશરામ – **DVHW** |
| કંસાર કાન્તીકાબેન મુકેશકુમાર – **B.A.** | લેઉવા નરેન્દ્રકુમાર સાંકળચંદ - **DSL** |
| પાગી વિરમભાઈ કાળુભાઈ – **B.A.** | સોલંકી સંજયકુમાર વિક્રમભાઈ – **DMCH** |
| પટેલ પિનલબેન પરસોત્તમભાઈ – **B.A.** | પરમાર જ્યોતિ પ્રવિણભાઈ – **DMCH** |

## સ્કુલ ઓફ કમ્પ્યુટર સાયન્સ મેડલ લિસ્ટ

### ગોલ્ડ મેડલ લિસ્ટ

BCAMUL – કન્ટેશ્વર જીગર મનોજભાઈ

BCA- રણ હેમાલીબેન અશોકભાઈ

BCAMUL – પરીખ દિવ્યા અલકેશભાઈ

BMGA- ગાંધી મિત્તલ કિરીટ

BCA- પંચાલ હંસજકુમાર મહેન્દ્રકુમાર

### સિલ્વર લિસ્ટ

BCAMUL – અગ્રવાલ અમર અશોક

BCAMUL – ભગત અનિકેત વિનોદ

BCA- નાયક કૌશિકકુમાર કનૈયાલાલ

BCA- ભાલિયા જ્યોતિબેન રાજુભાઈ

### સર્ટીફીકેટ લિસ્ટ

BCAMUL – વોલાલ્લા મહેશ શ્યામ

BCA- પરમાર જયમીનભાઈ રણજીતસિંહ

BCA- ડામોર હિરવા દેવજીભાઈ






## યોગ શિબિર

સમગ્ર વિશ્વમાં 21 જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે જાહેર કરવામાં આવેલ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના



"જ્યોતિર્મય" પરિસરમાં માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાનીના અધ્યક્ષ સ્થાને 21 જૂન, 2016ના રોજ વિશ્વ યોગની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની, નિયામકશ્રી (Academic)



ડૉ. રવિ ગોર, નિયામકશ્રી (SHSS) કુલસચિવશ્રી પ્રા. (ડૉ.) અમી ઉપાધ્યાય, નિયામક (SS) ડૉ. આવા શુકલા, યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાના નિયામકશ્રીઓ, શૈક્ષણિક અધિકારીશ્રીઓ અને અધિકારી/કર્મચારીશ્રીઓ હાજર રહ્યાં હતાં.



યુનિવર્સિટીના કેન્દ્ર કોડ ઓમ ક્લિનિકના કો-ઓર્ડીનેટરશ્રી ડૉ. વિક્રમભાઈ ઉપાધ્યાય અને તેમની ટીમ હાજર રહી યોગ અંગે માર્ગદર્શન આપી યોગ કરવામાં સહાયતા પૂરી પાડી હતી.



આ કાર્યક્રમ સારી રીતે થાય તે માટે 18 અને 20 જૂન ,2016ના રોજ સાંજે 4:00 થી 6:00 દરમ્યાન યોગ પ્રશિક્ષકો દ્વારા તાલીમ પણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રીએ આનંદ અને ઉત્સાહથી ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## પ્રથમ ચિંતન શિબિર

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં સમયાંતરે આત્મમંથનની આવશ્યકતા હોય છે. માનનીય કુલપતિશ્રી દ્વારા આજ હેતુથી યુનિવર્સિટીના વિવિધ સ્તરે ચિંતન શિબિરના આયોજનની પ્રેરણા પૂરી પાડી. જેના પરિણામે તા. ૨૪ જૂન , ૨૦૧૬ ના રોજ યુનિવર્સિટીના સત્તામંડળો આ પ્રકારની પ્રથમ ચિંતન શિબિરનું આયોજન થયું.



આ ચિંતન શિબિરમાં યુનિવર્સિટીના આમંત્રણને માન આપી કવિશ્રી નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ પાઠક વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. શિબિરમાં યુનિવર્સિટી બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો તથા એકેડેમિક પ્લાનિંગ બોર્ડનાં સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.



ચિંતન શિબિરમાં યુનિવર્સિટીના કા.કુલસચિવશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયે સૌનું સ્વાગત કર્યું હતું તથા માનનીય કુલપતિશ્રીએ યુનિવર્સિટીનાં તમામ વિભાગો અને કાર્યવિધિનો પરિચય આપ્યો હતો. તેઓએ યુનિવર્સિટી દ્વારા અલગ કાર્યવિધિ તથા તેમાં કરેલાં સુધારા વધારા અને ભાવિ યોજનાઓ અંગે સહુ ઉપસ્થિત સભ્યોને અવગત કર્યાં હતાં.



શિબિરના મધ્યકાળે સહુએ સાથે ભોજન લીધું હતું તથા અંતિમ સત્રમાં મુક્ત ચર્ચા અને વિચારોના આદાન-પ્રદાન સાથે શિબિર સંપન્ન થઈ હતી. યુનિવર્સિટીમાં પ્રથમ બાબત યોજાયેલ આવી ચિંતન શિબિરનાં પ્રયોજન બદલ સહુએ માનનીય કુલપતિશ્રીનો સભર આભાર માન્યો હતો અને આવા કાર્યક્રમો વારંવાર યોજાય તેવી અપેક્ષા સેવી હતી. (શિબિરમાં યુનિવર્સિટીનાં તમામ વિભાગનાં અધ્યક્ષશ્રીઓએ પોતપોતાનાં વિભાગ અંગેની માહિતીના પ્રસ્તુતિકરણમાં યથાયોગ્ય ફાળો આપ્યો હતો તથા ચર્ચામાં મળેલાં સૂચનો નોંધ્યા હતાં.)

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગૌતમ હોલમાં માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાનીના અધ્યક્ષ સ્થાને તા. 24/11/2016ના રોજ ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની, નિયામકશ્રી (Academic), જુદી જુદી સ્કૂલના નિયામકશ્રી, યુનિવર્સિટીના જુદાં જુદાં રીજનના હેડ અને કો-ઓર્ડિનેટરશ્રીઓ હાજર રહયાં હતાં.




કાર્યક્રમની શરૂઆત ડૉ. મૌનસભાઈ ઠાકર દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાનીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. ચિંતન શિબિરનો મુખ્ય ઉદ્દેશ યુનિવર્સિટીના જુદાં જુદાં વિભાગોની કાર્યપ્રણાલીથી વાકેફ થવાનો તથા તેમના ભવિષ્યના આયોજન અંગેની ચર્ચા કરવાનો, શૈક્ષણિક અધિકારીશ્રીઓ દ્વારા જુદાં જુદાં અભ્યાસક્રમ અંતર્ગત અભ્યાસ-સામગ્રીના વિકાસ અંગેની કાર્યવાહીના આયોજન અંગે ચર્ચા કરવાનો હતો. ડૉ. હિરેન જોશી કાર્યકારી પરીક્ષા નિયામકશ્રી/ નિયામકશ્રી સ્કૂલ ઓફ કમ્પ્યૂટર સાયન્સે પરીક્ષાલક્ષી માહિતી પૂરી પાડી. ડૉ. મનોજ શાહ અને ડૉ. યોગેન્દ્ર પારેખે વિષય સંબંધિત એકેડેમિક વિગતો પૂરી પાડી હતી.



ત્યારબાદ ડૉ.મીનાબેન રાજપૂતે બી.એડ્. વિભાગની માહિતી પૂરી પાડી તથા ડૉ. ચેતના શાહે લાઈબ્રેરી વિભાગ અને લાઈબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ અભ્યાસક્રમ અંતર્ગત માહિતી પૂરી પાડી. શ્રી સંજયભાઈ પટેલે વિષય સંબંધિત એકેડેમિક સંબોધન પૂરું પાડયું.



ડૉ. હિમાંશુ પટેલે સ્ટુડિયોની કાર્યપ્રણાલી વિશે વિગતો આપી અને ડૉ. હિરેન જોશી તથા ડૉ. હિમાંશુ પટેલ દ્વારા Innovative Skills વિશે માહિતી આપવામાં આવી. ત્યારબાદ વિદ્યાર્થી સહાયના નિયામકશ્રી ડૉ. આવાબેન શુકલ દ્વારા વિદ્યાર્થી સહાય સેવાઓ વિશે માહિતી આપવામાં આવી. ડૉ.ધવલભાઈ પંડયા દ્વારા પ્રવેશ વિભાગની, ડૉ. ભાનુભાઈ પટેલ દ્વારા અભ્યાસકેન્દ્ર સંચાલન, ડૉ. યોગેન્દ્ર પારેખ દ્વારા મટીરિયલ વિભાગ,



વોકેશનલ એન્ડ પ્રોફેશનલ વિભાગ દ્વારા વિભાગીય કાર્યપ્રણાલી જણાવવામાં આવી. ડૉ. મયંકભાઈ સોનીએ સ્પે.બી.એડ્. /પીએચ.ડી. વિભાગની માહિતી આપી. ડૉ. મૌનસભાઈ ઠાકર દ્વારા CCC અભ્યાસક્રમ અંતર્ગત માહિતી આપવામાં આવી. કાર્યાલય પ્રબંધક શ્રી સતીષભાઈ રામાણીએ વહીવટી વિભાગની માહિતીથી અવગત કરાવ્યા. આ ઉપરાંત શ્રી સંજયભાઈ પટેલે શિષ્યવૃતિ (SC/ST) વિભાગ અને સિવિલ સુપરવાઈઝર શ્રી દિપેશભાઈ જાની દ્વારા એસ્ટેટ વિભાગને લગતી માહિતી આપવામાં આવી. ત્યારબાદ માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની, ડૉ. રવિ ગોર નિયામકશ્રી (Academic), કાર્યકારી કુલસચિવશ્રી/નિયામક (SHSS) ડૉ. અમી ઉપાધ્યાય અને નિયામકશ્રી (SS) ડૉ. આવાબેન શુકલ દ્વારા તમામ કાર્યક્રમનું સંકલન કરવામાં આવ્યું અને યુનિવર્સિટીના ભવિષ્યના આયોજન અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી.

## કિંગ ખાલિદ યુનિવર્સિટીના પ્રતિનિધિ દ્વારા BAOUની મુલાકાત

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની કિંગ ખાલિદ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ દ્વારા તા.૧૧, જુલાઈ ૨૦૧૬ના રોજ રૂબરૂ મુલાકાત કરવામાં આવી હતી. જેમાં બન્ને યુનિવર્સિટી વચ્ચે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ અને અંગ્રેજી જેવા વિષયોમાં શૈક્ષણિક ભાગીદારી માટે હાથ મિલાવવા માટે તથા બે



યુનિવર્સિટી વચ્ચેનો પરસ્પરના હિતમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સહકાર આપવા માટે ચર્ચા કરવામાં આવી હતી.



આ બેઠકમાં માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ જાની, કુલસચિવશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય, નિયામક (એકેડેમિક) ડૉ. રવિ ગોર, નિયામકશ્રી (SS) ડૉ. આવા શુકલા, સ્કૂલ ઓફ કમ્પ્યુટર સાયન્સના નિયામકશ્રી ડૉ. હિરેન જોષી અને આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. હિમાંશુ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.



બન્ને યુનિવર્સિટીના પ્રતિનિધિઓ દ્વારા પરસ્પર સહયોગથી બંને યુનિવર્સિટીને તથા મોટાપાયે વિદ્યાર્થીઓ અને લોકોને ફાયદો થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

## વૃક્ષારોપણ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું નૂતન પરિસર હરિયાળું બને તેવાં સામૂહિક પ્રયાસો જવાબદારીના ભાગરૂપે



કર્મચારી પરિવાર તરફથી થાય તેવાં ઉમદા હેતુથી માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાનીના માર્ગદર્શન મુજબ સમગ્ર પરિસરમાં વૃક્ષારોપણનું આયોજન થયું. વિશાળ પરિસરમાં દરેક વિભાગને સંલગ્ન ખાલી જગ્યાઓ પર છોડ રોપી શકાય તેવી



સંભાવનાને ધ્યાનમાં લઈ આયોજનપૂર્વક વૃક્ષારોપણ કરવામાં આવ્યું. દરેક વિભાગના અધ્યક્ષશ્રીઓને આ રોપેલા છોડના ઉછેરની કાળજી લેવા માટે માનનીય કુલપતિશ્રીએ ખાસ સૂચનો કર્યા. આવશ્યક સેવા શ્રમ કાર્યથી સૌને ધન્યતાનો અનુભવ થયો.

## ફિલ્મ અભિનેતા વિવેક ઓબેરોય

જાણીતા ફિલ્મ અભિનેતા વિવેક ઓબેરોયએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની શુભેચ્છા મુલાકાત લીધી અને ચૈતન્ય સ્ટુડિયોમાં India Wants to Know કહીને શુભેચ્છા આપતો અને ચૈતન્ય સ્ટુડિયો વિશે ખૂબ જ વખાણ કર્યા હતા



અને કહ્યું હતું કે વૈશ્વિક સ્તરનો સ્ટુડિયો ધરાવતું યુનિવર્સિટી સંકુલ છે એમ જણાવ્યું હતું અને યુનિવર્સિટીના મિત્રોને પ્રેમથી મળ્યા હતાં.



પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય તથા ડૉ. આવા શુક્લાએ તેમને આવકાર્યા હતા અને યુનિવર્સિટી વિશે માહિતી આપી હતી.



પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયે આવકાર્ય અને યુનિવર્સિટી ખેસ અને મોમેન્ટો આપી સ્વાગત કર્યું હતું.

## TV9 એજ્યુકેશન એક્સ્પો



**Tv9** ગુજરાતી ટેલીવિઝન ચેનલ દ્વારા **TV9** એજ્યુકેશન એક્સ્પો ૨૦૧૬નું આયોજન તા ૨૧મી મે ૨૦૧૬ અને ૨૨મી મે ૨૦૧૬ના રોજ સવારે ૧૦ થી રાત્રીના ૮ વાગ્યા સુધી ગુજરાત યુનિવર્સિટીના કોન્વોકેશન સેન્ટર, અમદાવાદ ખાતે કરવામાં આવેલ હતું. જેની મુલાકાત કુલપતિશ્રી ડૉ. પંકજ જાની સર અને કુલસચિવશ્રી અમી મેડમે લીધી.



યુનિવર્સિટીને આ એજ્યુકેશન ફેરમાં સી-૭ નંબરનો સ્ટોલ ફાળવવામાં આવેલ હતો.



આ એજ્યુકેશન ફેરમાં મુલાકાત લેનાર વિદ્યાર્થીઓને અભ્યાસ અંગે માહિતી યુનિવર્સિટીના વિવિધ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ દ્વારા આપવામાં આવી હતી.



## BAOU અને NIOS દ્વારા સયુંકત રીતે આયોજિત એક દિવસીય કાર્યશાળા


ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કુલિંગ (NIOS) ના રિજિયનલ સેન્ટર, ગાંધીનગરના સયુંકત ઉપક્રમે



“Developing Effective Video Lectures" વિષય પર સ્કૂલના શિક્ષકો માટે એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઉદઘાટન સત્રમાં યુનિવર્સિટીના કુલસચિવશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય, NIOSના રિજિયોનલ ડાયરેક્ટરશ્રી ડૉ. રાજેશ કુમાર, યુનિવર્સિટીના બોર્ડના સભ્યશ્રી સુશ્રી ભૂમિકા ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.



ડૉ. રાજેશ કુમાર દ્વારા સ્વાગત વ્યક્તવ્ય આપવામાં આવ્યું હતું તથા પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું તથા સુશ્રી ભૂમિકા ત્રિવેદી દ્વારા "Components of an Effective Video Lecture" પર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું.



આ કાર્યશાળામાં ડૉ. હિમાંશુ પટેલ અને ડૉ. મૌનસ ઠાકર દ્વારા "While You are in the Studio" વિષય પર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું તથા ચર્ચા સત્ર રાખવામાં આવ્યું હતું. કાર્યશાળાના દ્વિતીય સત્રમાં સહભાગીઓને સ્ટુડિયોની મુલાકાત લઈ સ્ટુડિયોની કાર્ય પદ્ધતિ અને સ્ટુડિયોમાં ઉપલબ્ધ વિવિધ ઉપકરણો વિષે સમજ આપવામાં આવી હતી તથા સેમ્પલ વિડિઓ લેક્ચર લેવરાવામાં આવ્યા હતા તથા અંતમાં સમાપન સત્ર પછી કાર્યશાળાની વિધિવત પૂર્ણ જાહેર કરવામાં આવી હતી.



આ વર્કશોપમાં શિક્ષકોએ દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમથી શિક્ષણ કાર્ય વધુ અસરકારક કરવા માટે સ્ટુડિયો માં ઉત્તમ પ્રોડક્શન કેવી રીતે કરવું, તેની સમજ મેળવી.

## સ્વામી વિવેકાનંદ ગ્રંથાલય

ભારત જેવા લોકશાહી દેશમાં “દૂરવર્તી શિક્ષણ પ્રણાલી” એ શિક્ષણનું લોકશાહીકરણનું સ્પષ્ટ પ્રતિબિંબ છે. ડૉ. રામરેડીએ ઓપન યુનિવર્સિટીઓને “New Temples of Learning” તરીકે નવાજેલ છે. શૈક્ષણિક સંસ્થાઓમાં ગ્રંથાલયની અનિવાર્યતા શિક્ષણકારો અને શિક્ષણપંચોએ સ્વીકારી છે.



ઓપન યુનિવર્સિટીમાં વિદ્યાર્થીએ અધ્યાપકોની અનુપસ્થિતમાં આપમેળે અભ્યાસ કરવાનો હોવાથી ગ્રંથાલય સેવા અતિ આવશ્યક બની જાય છે. Open Learning પદ્ધતિમાં રાખવામાં આવતા વિદ્યાર્થીઓના સ્વાધ્યાય સરળ સુગમ અને સહજ બનાવવા માટે ગ્રંથાલય મદદરૂપ થાય છે. વર્ગખંડમાં આપવામાં આવતા શિક્ષણની પૂર્તિ ગ્રંથાલય દ્વારા કરવામાં આવે છે. ઓપન યુનિવર્સિટી ગ્રંથાલયની સુવિધાઓ ઉચ્ચશિક્ષણમાં અગત્યનું સ્થાન ધરાવે છે. ઓપન યુનિવર્સિટીની પાયાની કામગીરી અભ્યાસસામગ્રીનો વિકાસ સંગ્રહ અને વિતરણમાં પણ યુનિવર્સિટી નોંધપાત્ર ભૂમિકા ભજવે છે. આમ યુનિવર્સિટી ગ્રંથાલય વિદ્યાર્થી અને યુનિવર્સિટીના વિકાસમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે. સ્વામી વિવેકાનંદ ગ્રંથાલયની

શરૂઆત ૩૦ ડીસેમ્બર ૧૯૯૭ થી કરવામાં આવી જે હાલ ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટ, "જ્યોતિર્મય" પરિસર, વાલ્મીકી રીપોઝીટરીના બ્લોકમાં કાર્યરત છે.આ ગ્રંથાલય વાંચન સામગ્રીની દૃષ્ટિએ ઘણું જ સમૃદ્ધ છે. આ ગ્રંથાલયમાં ઈગ્નુના બ્લોક્સ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની અભ્યાસસામગ્રી, રેફરન્સ પુસ્તકો, AIEEE અને Civil Services જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓને લગતા પુસ્તકોના સંગ્રહ છે.આ વાંચનસામગ્રી કબાટો અને ખુલ્લા રેકમાં વિષયાનુસાર વ્યવસ્થિત રીતે વિગતવાર ગોઠવણી કરવામાં આવેલ છે. ઉપભોક્તા માટે વાચનખંડની વ્યવસ્થા પણ ઉપલબ્ધ છે. આ યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ, વિદ્યાર્થીઓ, સભ્યો, કર્મચારીઓ આ વાંચનસામગ્રીનો ઉપયોગ કરે છે.



ગ્રંથાલયનો મુખ્ય ઉદ્દેશ વાચકો માટે ઉપયોગી એવી વિસ્તૃત માહિતીનું માળખું બનાવવું. યુનિવર્સિટીનાં શૈક્ષણિક અને સંશોધન માટેની જરૂરી માહિતીને અલગ-અલગ સ્વરૂપમાં User સુધી પહોચાડવી. આંબેડકર યુનિવર્સિટીનાં ઉદ્દેશને ધ્યાનમાં રાખીને માહિતીનાં સ્ત્રોતો અને માહિતી સેવાઓને જીસુધી પહોચાડવી. ગ્રંથાલયને "Knowledge Sharing Hub" તરીકે સ્થાપવું. લાંબા સમયગાળા સુધી માહિતીનો સંગ્રહ કરવો.વિદ્યાર્થી સહાય સેવામાં મદદરૂપ થવું. ગ્રંથાલય દ્વારા દૂરવર્તી શિક્ષણ પૂરું પાડવામાં સહાયભૂત થવું.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી લાયબ્રેરીમાં નોધાયેલ પુસ્તકોની વિગત નીચે મુજબ છે. જેમાં ખરીદ તથા ભેટ મળેલ પુસ્તકો અને સેટોડિઅલ પ્રોગ્રામની મલ્ટિ કોપી કરાવેલ CDનો સમાવેશ થાય છે.

| | | |
|---|---|---|
| 1. | Books: | 48817 |
| 2. | CD: | 18826 |
| 3. | Thesis+Desertation: | 131 |
| 4. | News Paper: | 6 |
| 5. | Periodical: | 45 (subscribe + Gift ) |



**ગ્રંથાલયની સેવાઓ**

આ ગ્રંથાલયના વિવિધ ઉપભોક્તાઓ જેવા કે અધિકારીશ્રીઓ, વિદ્યાર્થીઓ, અધ્યાપકો, કર્મચારીઓ, સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસતા વિદ્યાર્થીઓને ગ્રંથાલય દ્વારા વૈવિધ્યપૂર્ણ સેવાઓ આપવામાં આવે છે. આ સેવામાં ગ્રંથ આપ-લે, સંદર્ભ સેવા, અનુલય સેવા, ઝેરોક્ષ સેવા, નિર્દેશીકરણ સેવા અને સ્ટુડન્ટ સપોર્ટ સર્વિસ વગેરેનો સમાવેશ થાય છે.



**ગ્રંથાલયની મહત્વની સેવાઓ :**

૧૧૨ અભ્યાસકેન્દ્રો પર ગ્રંથાલય સુવિધા

SATODL પ્રોગ્રામ CDની મલ્ટીકોપી કરાવી કેન્દ્રોને મોકલાવવી

CD વેચાણ

વિદ્યાર્થીને CD સંભાળવાની સુવિધા

ચૈતન્ય સ્ટુડિયોમાં BLIS Lecturesનું આયોજન

Internet સેવા

પ્રશ્નપત્રો ઝેરોક્ષ સેવા

લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ અભ્યાસક્રમ

લાયબ્રેરી સંદર્ભે આવતી Research અને Ph.D. ની પ્રશ્નાવલી ભરી આપવી.

## સ્વાધ્યાયઃ પરમં તપઃ





સંકલન : ડૉ. આવા શુક્લા (નિયામકશ્રી, વિદ્યાર્થી સહાય)

સહ-સંકલન : ડૉ. ચેતના શાહ- ગ્રંથપાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
'જ્યોતિર્મય' પરિસર
સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી,
અમદાવાદ-૩૮૨ ૪૮૧

ગ્રાફિકસ ડિઝાઈન : ગીતા પરીખ

ટાઈપિંગ : સાહિસ્તા મલેક



સંપાદક : પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય
કા. કુલસચિવશ્રી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
'જ્યોતિર્મય' પરિસર,
સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી,
અમદાવાદ-૩૮૨ ૪૮૧
ઈ-મેઈલ : feedback@baou.edu.in
www.baou.edu.in